# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 07-12-2024** **Evening : 7.10 to 7.20**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **જયેશ પટેલ** વાંચે છે.

---

- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, BAPSના કાર્યકરો દ્વારા કરાયેલા માનવતાના કાર્યોના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ અને ક્ષમતામાં વધારો થયો છે.
- કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે બંધારણમાં વર્ણવેલી કલ્યાણ રાજ્યની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પ્રશંસા કરી.
- ગુજરાતની વડી અદાલત ખાતે માળખાગત સુવિધાઓ વધુ મજબૂત કરવા 133 કરોડના વિવિધ પ્રકલ્પોનું લોકાર્પણ અને ખાતમુર્હુત કરાયા.
- આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં ટી.બી. નિર્મૂલન ઝુંબેશનો ગાંધીનગર ખાતેથી શુભારંભ કરાવ્યો.
- પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સહગલે કહ્યું છે કે, દુરદર્શનનું વેવ્સ OTT પ્લેટફોર્મ પરિવારના સભ્યો માટે સંપૂર્ણ અને આરોગ્યપ્રદ મનોરંજન પુરુ પાડશે.

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PM BAPS SUVARNAV MAHOTSAV

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું છે કે, BAPSના કાર્યકરો દ્વારા કરાયેલા માનવતાના કાર્યોના લીધે આંતરરાષ્ટ્રીય સ્તરે ભારતનો પ્રભાવ અને ક્ષમતામાં વધારો થયો છે. આજે અમદાવાદમાં બોચાસણવાસી અક્ષર પુરૂષોત્તમ સ્વામીનારાયણ સંસ્થા – BAPSના કાર્યકર સુવર્ણ મહોત્સવમાં વિડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી સંબોધતાં પ્રધાનમંત્રીએ કહ્યું કે, BAPSના કાર્યકરોની કામગીરીએ ભારતના સમૃદ્ધ આધ્યાત્મિક વારસાની ક્ષમતાનો પરિચય સમગ્ર વિશ્વને કરાવ્યો છે.

તેમણે વધુમાં જણાવ્યું કે,

**(બાઇટ-પીએમ)**

સેવા એ ભારતીય સંસ્કૃતિનો મુખ્ય સિદ્ધાંત છે તેમ જણાવીને શ્રી મોદીએ ઉપસ્થિત કાર્યકરોને રાષ્ટ્ર ઘડતર અને સમાજ માટે ઉપયોગી કામગીરી કરવા અપીલ કરી હતી.

BAPS સંસ્થાના વડા મહંત સ્વામીએ ગત જાન્યુઆરીમાં શરૂ કરાવેલ કાર્યકર સુવર્ણ મહોત્સવનું આજે સમાપન થશે. આ પ્રસંગે આશરે ૩૦ દેશોના BAPS ના કાર્યકરોની ઉપસ્થિતિમાં સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરાશે. આ પ્રસંગે કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# AMIT SHAH LOKSEVA TRUST

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે કહ્યું છે કે, માથાદીઠ રક્તદાન, ચક્ષુદાન, અંગદાન અને સેવાભાવી સંગઠનોની સંખ્યામાં ગુજરાત દેશમાં પ્રથમ રાજ્ય છે. ગાંધીજીના સેવા અને પરોપકારના સંસ્કાર ગુજરાતીઓના

ગળથૂંથીમાં જીવે છે. ગુજરાત લોકકલા સેવા ટ્રસ્ટની સ્થાપનાના 35 વર્ષમાં પ્રવેશની ઉજવણી પ્રસંગે કેન્દ્રીય મંત્રીએ આ મુજબ જણાવ્યું હતું.

શ્રી શાહે બંધારણમાં વર્ણવેલી કલ્યાણ રાજ્યની પરિકલ્પનાને વાસ્તવિકતામાં ફેરવવા માટે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની આગેવાની હેઠળની ભાજપ સરકારની પ્રશંસા કરી હતી.

## (બાઇટ- અમિત શાહ- કેન્દ્રીય ગૃહમંત્રી)

તેમણે વધુમાં કહ્યું હતું કે, સરકારની સાથે ગુજરાત લોકસેવા ટ્રસ્ટ જેવા સેવાભાવી સંગઠનો અને સામાજીક કાર્યકરો જોડાય ત્યારે જ કલ્યાણ રાજ્યના લોકોના લક્ષ્યો સિધ્ધ થતાં હોય છે. ગુજરાત લોકસેવા સંગઠનના ટ્રસ્ટી રોહન ગુપ્તાએ સંગઠનની માહિતી આપી હતી.

# CM- GUJ. HIGH COURT

ગુજરાતની વડી અદાલત ખાતે રાજ્યના ન્યાયતંત્રની માળખાગત સુવિધાઓ વધુ મજબૂત કરવા 133 કરોડના વિવિધ પ્રકલ્પોનું મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સૂર્યકાંતે લોકાર્પણ અને ખાતમુર્હત કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું હતું કે, કોઇપણ દેશ કે રાજ્યના વિકાસમાં કાયદો, વ્યવસ્થા અને ન્યાયપ્રણાલિનું મહત્વનું યોગદાન હોય છે. લોકોને સુશાસનનો પ્રત્યક્ષ અનુભવ થાય તે માટે ઝડપી ન્યાય પ્રાપ્ત થાય તે અતિ આવશ્યક છે.

## (બાઇટ- ભૂપેન્દ્ર પટેલ, CM)

આ પ્રસંગે સર્વોચ્ચ અદાલતના ન્યાયમૂર્તિ સૂર્યકાંતે જણાવ્યું હતું કે, મજબૂત ન્યાયપાલિકા રાષ્ટ્ર ઉત્થાનના પાયાના સ્તંભમાંનો એક છે. કોઇપણ રાષ્ટ્રના વિકાસમાં તેની ન્યાય વ્યવસ્થાનું મહત્વનું યોગદાન છે.

આજના આધુનિક યુગમાં મજબૂત જ્યુડીશિયલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ટેક્નોલોજીનો ઉપયોગ ન્યાયતંત્રની સૌથી મહત્વની જરૂરિયાતો છે. આ બંને બાબતોના અમલીકરણમાં ગુજરાતની વડી અદાલત મોખરે છે.

ગુજરાત વડી અદાલતના મુખ્ય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલે આ પ્રસંગે કહ્યું હતું કે, માળખાકીય સુવિધાઓ ઉપલબ્ધ બનવાથી ન્યાયિક પ્રક્રિયા વધુ ઝડપી બને છે. રાજ્ય સરકારના હકારાત્મક અભિગમથી આજે અનેક નવા પ્રકલ્પોનો શિલાન્યાસ અને ખાતમુર્હત કરવામાં આવ્યા છે. આ પ્રસંગે ગુજરાત વડી અદાલતના ન્યાયમૂર્તિ બિરેન વૈષ્ણવ સહિતના ન્યાયમૂર્તિઓ ઉપસ્થિત રહ્યા હતા.

## RUSHIKESH PATEL- TB NIRMULAN ZUMBESH

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે રાજ્યમાં ટી.બી. નિર્મૂલન ઝુંબેશનો ગાંધીનગર ખાતેથી રાજ્યના 16 જિલ્લાઓ અને 4 મહાનગરપાલિકામાં શુભારંભ કરાવ્યો હતો.

આ પ્રસંગે તેમણે કહ્યું હતું કે, ટી.બી. રોગના નિર્મૂલન માટે કેન્દ્ર અને રાજ્ય સરકાર કટિબધ્ધ છે. ટી.બી.ના નવા કેસ શોધીને તેની સઘન સારવાર કરીને ટી.બી.થી થતાં મૃત્યુદરમાં નોંધપાત્ર ઘટાડો કરી શકીએ છીએ. સમગ્ર દેશમાં ટી.બી. નાબૂદી ત્યારે જ શક્ય બનશે, જ્યારે સરકાર અને સમાજ બંને એકબીજા સાથે ભેગા મળીને કામ કરશે.

**(બાઇટ- ઋષિકેશ પટેલ)**

આ પ્રસંગે ટી.બી.ના દર્દીઓને પોષણ કીટનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું. રાજ્યના 16 જીલ્લા અને 4 મહાનગરપાલિકા વિસ્તારમાં ફરતી નિક્ષય વાહનને ફ્લેગઓફ કર્યું હતું. રાજ્યમાં ફરતી નિક્ષય વાહન

ટી.બી.ના દર્દીઓને શોધીને સ્થળ પર જ નિદાન કરીને લોકોને ક્ષય રોગ વિશેની માહિતી આપી જનજાગૃતિ ફેલાવશે.

## PRASAR BHARTI CHAIRMEN DDK VISIT

પ્રસાર ભારતીના ચેરમેન નવનીત સહગલે જણાવ્યું હતું કે, દુરદર્શનનું વેવ્સ ઓટીટી પ્લેટફોર્મ પરિવારના તમામ સભ્યો માટે સંપૂર્ણ અને આરોગ્યપ્રદ મનોરંજન પુરુ પાડશે અને જાહેર પ્રસારણકર્તાને તેની પહોંચને વધુ પ્રેક્ષકો સુધી વિસ્તારવામાં મદદ કરશે.

આજે અમદાવાદ દુરદર્શન કેન્દ્રની મુલાકાત દરમિયાન શ્રી સહગલે કેન્દ્રની કામગીરીની સમીક્ષા કરી હતી. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે, વેવ્સ ઓટીટી માત્ર નવી સામગ્રી જ નહીં પરંતુ દર્શકોને દૂરદર્શનના જૂના ક્લાસિક અને લોકપ્રિય કાર્યક્રમોનો આનંદ માણવાની તક પણ પ્રદાન કરશે.

**(બાઇટ- નવનીત સહગલ- પ્રસાર ભારતીના ચેરમેન)**

## GANDHINAGAR NFSU

નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી- NFSU ગાંધીનગરને પ્રતિષ્ઠિત ડેટા સિક્યુરીટી બાય એકેડેમિયા DSCI- 2024 એક્સેલન્સ એવોર્ડ મળ્યો છે. આ એવોર્ડ સાઇબર ક્રાઇમ્સ, સાયબર લો અને ડિજીટલ ફોરેન્સિકલ બાય એકેડેમિયા શ્રેણીમાં ક્ષમતા નિર્માણમાં શ્રેષ્ઠતા માટે એનાયત કરવામાં આવ્યો છે.

NFSU એ આ નવી શ્રેણીમાં પ્રથમ વખત ભાગ લીધો હતો અને એવોર્ડ મેળવ્યો હતો. NFSU ના કુલપતિ પદ્મશ્રી ડો. જે. એમ. વ્યાસે કહ્યું છે કે, NFSUની સાયબર ક્રાઇમ તપાસના ક્ષેત્રે વિશ્વકક્ષાની ક્ષમતાઓમાં શ્રેષ્ઠતા માટે આ પુરસ્કાર પ્રાપ્ત થયો છે,જે યુનિવર્સિટી માટે ગૌરવપૂર્ણ છે.

# SURAT SUMUL DAIRY AWARD

સુરતની સુમુલ ડેરીના નવી પારડી ડેરી પ્લાન્ટને ઈન્ડિયન ડેરી એસોસિયેશનનો પ્રતિષ્ઠિત એવોર્ડ એનાયત કરવામાં આવ્યો છે.

મુંબઈ ખાતે આયોજિત સમારંભમાં સંઘના ચેરમેન માનસિંહ પટેલ અને ઉપપ્રમુખ રાજુ પાઠક તેમજ અન્ય ડિરેક્ટર અને એમ.ડી. અરુણ પુરોહિતને ઈન્ટર ડેરી એવોર્ડ 2024 આપવામાં આવ્યો હતો. ઇન્ડિયન ડેરી એસોસિએશન દ્વારા નવી પારડી યુનિટમાં ઉપયોગમાં લેવાતી શ્રેષ્ઠ આધુનિક ટેક્નોલોજીના ઉપયોગની સરાહનીય કામગીરીને બિરદાવવામાં આવી હતી. સુમુલ ડેરીના ડાયરેક્ટર જયેશ પટેલે માહિતી આપતા જણાવ્યું હતું કે, આઈસ્ક્રીમ પ્લાન્ટની ક્ષમતા 20 હજાર લિટરથી વધીને પ્રતિદિન 1 લાખ લીટર જેટલી થઈ ગઈ છે. સુરતની સુમુલ ડેરીને તેના નવી પારડી ડેરી પ્લાન્ટના 100 ટકા ક્ષમતા વપરાશ, શ્રેષ્ઠ ગુણવત્તા, પ્રેસોસિંગ ટેક્નોલોજી, અને સલામતી નિયંત્રણો માટે એવોર્ડ અપાયો હતો.